# દરેક કૃત્યમાં પ્રેમ ૨૦૧૯

સિદ્ધયોગ પથ પર એક વિદ્યાર્થી માટે સર્વોપરિ એ છે કે તે સાધનામાં પ્રગતિ કરવા માટે શિખામણોનું અધ્યયન કરે, અભ્યાસ કરે, તેને આત્મસાત્ કરે અને તેનું પરિપાલન કરે. જેમ કે તમે જાણો છો, આ વર્ષે સિદ્ધયોગ પથ વેબસાઇટ *Explore & Study Gurumayi's Message* પ્રકાશિત કરી રહી છે, જે એવા સાહિત્ય અને અધ્યયનના સાધનોનું સંકલન છે જેનાથી શ્રીગુરુમાઈના 'મધુર સરપ્રાઇઝ' ૨૦૧૯ની શિખામણોને શીખવા અને તેને કાર્યાન્વિત કરવા માટે લોકોને મદદ મળી શકે. આના સંદર્ભમાં તમે જોશો કે ગુરુમાઈજીના 'દરેક કૃત્યમાં પ્રેમ' ૨૦૧૯ની સંરચના એક પુસ્તકના રૂપે કરવામાં આવી છે.

દરવર્ષે ગુરુમાઈજી સંત વૅલેન્ટાઇન દિવસના સન્માનમાં 'દરેક કૃત્યમાં પ્રેમ'ની રચના કરે છે અને દરવર્ષે તેને તમારા અધ્યયન અને અન્વેષણની વૃદ્ધિ કરવા માટે તૈયાર કરવામાં આવે છે. કેટલાંક લોકો માટે 'દરેક કૃત્યમાં પ્રેમ' ૨૦૧૯ એક ખજાના જેવું હશે. બીજાં માટે તે એક ભુલભુલામણીની જેવું, ઉકેલ શોધવા એક કોયડા જેવું અથવા તો સંતાકૂકડીની રમત જેવું હશે. ગુરુમાઈજીએ કહ્યું છે : ''દરેક *કૃત્યમાં પ્રેમ* પાછળનો આશય એ છે કે લોકો આનંદ માણવાની સાથેસાથે કંઈક શીખે.''

જો તમે કોઈ ક્ષણે પ્રેમનો અનુભવ ન પણ કરી રહ્યાં હો,
તોપણ જ્યારે તમે બીજાંને જુઓ તો પ્રેમથી જુઓ.
કારણકે ક્યાંક, કોઈનામાં,
તમારી એ પ્રેમ સાથે મુલાકાત થઈ જશે જે તમારા માટે જ બનેલો છે.

~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

જ્યારે કંઈ ન હતું ત્યારે ખુદા હતો.
જો કંઈ ન હોત, તો પણ ખુદા હોત.
‘હોવું’એ જ મને ડૂબાડી દીધો.
જો હું ન હોત તો શું હોત?

~ મિર્ઝા ગાલિબ

તમે કોઈ વસ્તુથી ચિંતિત ન થાઓ,
તમે કોઈ વસ્તુથી ભયભીત ન થાઓ.
બધું જ પસાર થઈ જાય છે.
ભગવાન ક્યારેય બદલાતા નથી.
ધૈર્યશીલ સહનશીલતા બધું જ પ્રાપ્ત કરી લે છે.
જેની પણ પાસે ભગવાન છે તેને કોઈ વસ્તુની ખોટ નથી.
એકમાત્ર ભગવાન જ પર્યાપ્ત છે.

~ આવિલાના સંત ટેરેસા

માંગીને પ્રેમ મળે એ સારું છે પણ વગર માંગ્યે મળી જાય તો વધારે સારું છે.

~ વિલિયમ શેક્સપિયર

આખું વન તમે જ છો.
વનમાં બધાં દિવ્ય વૃક્ષ તમે જ છો.
વૃક્ષોની નીચે રમતાં બધાં પશુપક્ષી તમે જ છો.
દરેક વસ્તુના આધાર, હે ચેન્નમલ્લિકાર્જુન,
તમે મને તમારા મુખમંડળનાં દર્શન કરાવો.

~ અક્કમહાદેવી

પરમાત્માના પ્રતિ તમારા પ્રેમને નિત્યપ્રતિ વધવા દો,
અને એ પ્રેમ અહૈતુક હોય.

~ બાબા મુક્તાનંદ

મારી વાણી તમારાં નામનાં અમૃતથી આકંઠ ભરાયેલી છે.
મારી આંખોમાં તમારી જ છબિ વસેલી છે.
મારા કાન તમારી સ્તુતિના શ્રવણથી પૂર્ણ છે.
મારું મન તમારા જ વિચારોથી ભરેલું છે.
હે કુડલસંગમદેવ, હું તમારાં ચરણકમળમાં રહેતો એક ભમરો છું.

~ બસવણ્ણા

પ્રેમ દૂરી નથી જાણતો;
કુમુદ અને ચંદ્રમા
કેટલા દૂર, તોપણ કેટલા નજીક!
ગગન દ્વારા એકસાથે આલોકિત

~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

હે સખી! એ ઘર સૌથી ન્યારું છે
જ્યાં મારા પરમ આત્માનો વાસ છે.

આ ઘરમાં નથી સુખ કે નથી દુઃખ,
નથી સત્ય કે નથી અસત્ય,
નથી પાપ કે નથી પુણ્ય.
ત્યાં દિવસ કે રાત,
અથવા ચાંદો કે સૂરજ નથી.
તેમછતાં, કોઈપણ જ્યોતિ વિના તે પ્રકાશિત છે.

~ સંત કબીર

તમારા અંતરમાં વસેલા પ્રેમને મુક્ત કરી દો, જે પૂર્ણ જ છે, જે મુક્ત જ છે.
ત્યારે તમે અંતરાત્મામાં જ તમારું સુખ પામશો.

~ બાબા મુક્તાનંદ

# 1

હે સર્વશ્રેષ્ઠ, મહામહિમાવાન પરમેશ્વર,
મારા મનના અંધકારને પ્રકાશમય કરી દો અને
મને સાચી શ્રદ્ધા અને સંદેહરહિત આશા પ્રદાન કરો,
સર્વોત્તમ દાનશીલતા અને અગાધ વિનમ્રતા પ્રદાન કરો.
હે પ્રભુ, મને એવી સમઝ અને જ્ઞાન આપો
કે હું તમારા પાવન અને સાચા આદેશનું પાલન કરી શકું.

~ અસીસીના સંત ફ્રાન્સિસ

# O

જ્યારે હું એ 'પરમ શુદ્ધ'ને મળ્યો તો હું પણ શુદ્ધ થઈ ગયો.
મારો અહંકાર નાશ પામ્યો અને હું પોતે ખુદા (પરમેશ્વર) બની ગયો.

~ ધર્મદાસ

# N

જે સાચે જ પ્રેમ કરે છે... તે દરેક વસ્તુમાં વિદ્યમાન ભગવાનને પ્રેમ કરે છે અને તેને દરેક વસ્તુમાં પામી લે છે.

~ માઇસ્ટર એક્હાર્ટ

જો તમારામાં સાચે જ ભગવાનને મળવાની લલક છે
તો તમારો સમસ્ત પ્રેમ તેના પર કેન્દ્રિત કરતા રહો.
પ્રેમની અગ્નિમાં તમારા અહંકારને બાળી નાખો,
અને તેની ભસ્મ તમારા શરીર પર લગાવતા રહો.

~ મંસૂર મસ્તાના

*આ કવ્વાલી, ''અગર હૈ શૌક મિલને કા,'' સિદ્ધયોગ બુકસ્ટોરમાં ઉપલબ્ધ છે.*

પ્રેમ એકમાત્ર એવી વસ્તુ છે જેને આપવાથી વધે છે.

~ ક્લેમેંન્સ બ્રેન્ટાનો

દાન પરમાત્માની ઇચ્છાને અનુકૂળ છે.
તે એક તેજસ્વી પ્રેમકાર્ય છે.

~ બાબા મુક્તાનંદ

જે લાકડીને અગ્નિનો સ્પર્શ થઈ ગયો હોય તેના માટે સળગવું મુશ્કેલ નથી.

~ અશાંતિ ક્ષેત્રની એક કહેવત

જ્યારે મારું મન પ્રભુ રામના નામસંકીર્તનના
આહ્લાદમાં ડૂબેલું હતું,
ત્યારે મારું હૃદય આનંદથી છલકાઈ ગયું
અને આખું વાતાવરણ એ આનંદથી સ્પંદિત થઈ ગયું.

~ ગોવિંદરાવ ટેમ્બે

આપણે હંમેશાં પ્રેમ કરીએ! આપણે ફરીથી પ્રેમ કરીએ!
આપણે હંમેશાં પ્રેમ કરીએ! આપણે ફરીથી પ્રેમ કરીએ!
પ્રેમ જતો રહે છે, ત્યારે આશા પણ જતી રહે છે.
પ્રેમ — એ પ્રભાતની પુકાર છે.
પ્રેમ — એ રાત્રિનું સ્તોત્ર છે.

~ વિક્ટર હ્યૂગો

જો ચંદ્રમા મને પૂર્ણપણે પ્રેમ કરે છે, તો હું તારાઓના અભિપ્રાયની ચિંતા શા માટે કરું?

~ મઘરબી કહેવત

જે તમે નથી જાણતા ત્યાંસુધી પહોંચવા માટે,
તમારે એ રસ્તો લેવો પડશે જેને તમે નથી જાણતા.
જે તમારી પાસે નથી તેને પામવા માટે,
તમારે એ રસ્તો લેવો પડશે જ્યાં તમારી પાસે કંઈ જ ન હોય.
જે તમે નથી એવી સ્થિતિ સુધી પહોંચવા માટે,
તમારે એ રસ્તો લેવો પડશે જ્યાં તમે છો જ નહીં.

~ સેંટ જૉન ઑફ દ ક્રૉસ

લહેર પર લહેર સાગરમાં નાચે છે,
તેનો ખેલ જોઈને હૃદય ઉલ્લાસથી ભરાઈ જાય છે.
એ પથ પર ચાલો જે તમને નિશ્ચિંત બનાવી દે છે.
સંસારનો થાક ટકી નહીં શકે — તેને ભાગવાનું જ છે.

~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

આદર, સાચી શોભા અને દિવ્ય સંપદા છે
કારણકે તે મનને શુદ્ધ કરી દે છે.

~ બાબા મુક્તાનંદ

ગંતવ્ય ક્યાંયથી દૂર નથી કે નથી તે નજીક.
તે જેના પર ઇચ્છે તેના પર પોતાની કૃપા વરસાવી દે છે;
આ નિર્ણય તો એ પ્રિયતમ જ લે છે.
તે જેને ઇચ્છે તેને પોતાના દરવાજા પર બોલાવી લે છે;
તે જેને ઇચ્છે તેને પોતાનો બનાવી લે છે.
આ નિર્ણયો ઘણી મહેરબાનીના છે.
આ કૃપા મળવી એ મોટા નસીબની વાત છે.

~ અજ્ઞાત કવિ દ્વારા લિખિત કવ્વાલી

બધાં પવિત્ર તીર્થોનું કેન્દ્ર હૃદય છે.
ત્યાં જાઓ અને ત્યાં જ રમણ કરો.

~ ભગવાન નિત્યાનંદ

જે ધનવાન છે, તેઓ શિવ મંદિરનું નિર્માણ કરે છે.
પણ હું શું કરી શકું? હું તો એક નિર્ધન વ્યક્તિ છું.
મારા પગ સ્તંભ છે,
મારું શરીર મંદિર છે,
અને મારું મસ્તક સુવર્ણ ગુંબજ છે.
સાંભળો, હે કૂડલસંગમદેવ,
જે અચલ છે તે જ નાશ પામે છે.
ગતિશીલ છે તેનો ક્યારેય નાશ નથી થતો.

~ બસવણ્ણા

# ૯

જે પ્રેમમય છે, એ ભગવદ્‌મય જ છે.

~ સંત ઑગસ્ટીન



વિવેક, અનુશાસન, પરોપકાર અને દયાભાવથી
પોષિત કરવામાં આવેલો પ્રેમ વધે છે.

~ બાબા મુક્તાનંદ



તું મને મળી પણ ગયો છે, અને તું મારાથી અલગ પણ છે,
હું તારા ગુણગાન કેવી રીતે કરું?
તું મારો પ્રિયતમ પણ છે અને તું મારો ભગવાન પણ છે.
હું તારા ગુણગાન કેવી રીતે કરું?

~ અમીર ખુસરો

પ્રેમ હરિસ્વરૂપ છે,
તેથી જ હરિ પ્રેમસ્વરૂપ છે.
સૂરજ અને તેના પ્રકાશની જેમ તે ભિન્ન દેખાઈ શકે,
તોપણ તે બંને એક જ છે.

~ રસખાન

તું મારાથી ગમે તેટલો દૂર કેમ ન હોય, હું તારી સાથે છું,
તું મારી પાસે જ છે!
સૂરજ ડૂબી રહ્યો છે, જલ્દીથી મારા માટે તારા ચમકશે.
આહ! જો તું પણ અહીં હોત તો!

~ યોહાન વુલ્ફગાન્ગ ફૉન ગઅર્તે

તમારા ચરણકમળ મારા હૃદયમાં,
તમારું રૂપ મારી આંખોમાં,
અને તમારું નામ મારી જિહ્વા પર
સદૈવ અવસ્થિત રહે.

~ સંત સેના મહારાજ

જે સાચે જ પ્રેમ કરે છે તેમની સાથે આ ચમત્કાર હંમેશાં થાય છે.
એ અમૂલ્ય પોષણદાયી પ્રેમને
તેઓ જેટલો વધારે આપે છે, તેટલો વધારે પામે છે
એ પ્રેમ ફૂલો અને બાળકોને શક્તિ બળ પ્રદાન કરે છે,
અને જે બધાં લોકોની મદદ કરી શકે છે
જો તેઓ એ પ્રેમનો કોઈ સંશય વિના સ્વીકાર કરી લે તો.

~ રાયના મારિયા રિલ્કે

કોઈપણ દિવસે
અથવા કોઈપણ રાત્રે
હૃદય ભટકી શકે છે.

યાદ કરો સમર્પણની
એ પહેલી પળ.

પ્રેમની ભાવનાને ફરીથી નવી કરવા માટે
દરેક કદમ પર,
સોમાં કદમ પર,
અને કોઈક ચૂકી ગયેલા કદમ પર,
એ વચનોને ફરીથી તાજાં કરો,
જે તમારી યાદમાં
ગૂંથાયેલાં છે.

~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

હે રાજકુમારો, હે 'ઈગલ' અને 'જેગુઅર' કબીલાના શૂરવીરો
તમારા હૃદયને આ જણાવી દો :
આપણે અહીં કાયમ માટે મિત્રો નથી,
થોડા સમય માટે જ છીએ
અને પછી આપણે બધાં 'તેના' ઘરે જતાં રહીશું.
ઓઉઆય્યા ઓઉઆય્યા.

~ એઝ્ટેક કવિતા

*નાહુઆત ભાષાના આ શબ્દો ''ઓઉઆય્યા ઓઉઆય્યા'' કોઈ ગીત કે સંગીતના સમાપનના અંતિમ શબ્દો હોય છે, જે એ દર્શાવે છે કે તે ગીત કે પંક્તિનું હવે સમાપન થવાનું છે. આ શબ્દોનો અનુવાદ કરી શકાતો નથી. વસ્તુતઃ આ શબ્દો તે ગીતને તાલ અને લય પ્રદાન કરે છે.*




## શ્રીગુરુમાઈનું આમંત્રણ

આ હૃદય વિભિન્ન ભાષાઓ અને લિપિઓમાં પ્રેમ માટે વપરાતા શબ્દોથી રચાયું છે. શ્રીગુરુમાઈની આ હૃદયની સંકલ્પના છે કે એ તમારા માટે એક આમંત્રણ હોય જેથી તમારી કાવ્યની પ્રતિભા પ્રકાશિત થઈ શકે. ‘દરેક કૃત્યમાં પ્રેમ ૨૦૧૯’ નો ઉત્સવ મનાવતા-મનાવતા, નિસંકોચ થઈને તમે પોતે તમારી કવિતાની રચના કરો અને તેને તમારી જર્નલમાં લખો.

યોહાન વુલ્ફગાન્ગ ફૉન ગઅર્તે દ્વારા લિખિત કવિતાનું ભાષાંતર રિચર્ડ સ્ટોક્સ દ્વારા તેમના પુસ્તક *The Book of Lieder* (લંડન : Faber and Faber, ૨૦૦૫)માંથી.

એઝ્ટેક કવિતાન *Ancient American Poets* માંથી, જૉન કર્લ દ્વારા ભાષાંતરિત અને સંકલિત (Tempe, AZ: Bilingual Review Press, ૨૦૦૫).

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.